# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

દૂધપીતી ના  આણા ય  જોયાં છે.
સ્વાર્થ સાધે એ માણા ય જોયાં છે.

એક બાળકને  દાણો  નથી  ખાવા!
ને  સડી જાતાં   દાણા ય જોયાં છે.

ઊંઘ ના'વે  મલમલ  સેજમાં  જેને,
ત્યાં બપોરે થ્યા વા'ણા ય જોયાં છે.

રાખવાનાં    જરૂરતના    સંબંધો,
ક્યાંક  મામા ને  કાણાં ય જોયાં છે.

નારણ મકવાણા.

## પાથેય

- રમેશ ઠક્કર

# આસક્તિનો અડીંગો...

જગતમાં ચારેકોર જયારે સ્વાર્થનું સંગીત વાગતું હોય ત્યારે એમાંથી મધુર સુરાવલીઓ નિકળશે એવી આશા રાખવી વ્યર્થ છે..માણસ પોતાનો સ્વાર્થ સાધવા માટે શું શું નથી કરતો ? એ સતત પાપનાં પોટલાં બાંધતો રહે છે..એની નજર સામે પોતાની મનગમતી કંડારેલી સુખની કેડી હોય છે. એ માટે સારાસાર કે વિવેક પણ ભૂલી જાય છે..મહાભારતમાં ધૃતરાષ્ટ્ર સંજયને જે રીતે પ્રશ્ન પૂછે છે એ સ્વાર્થ માટેની અંતિમ અભિવ્યકિત ગણાય..મામકા એટલે કે મારા પુત્રો અને પાંડવા એટલે પિતરાઈ વારસદારો ! એ પોતે બધાના વડિલ છે પણ એમના હદયમાં આસકત ભાવ અડીંગો જમાવીને બેઠો છે અને એટલે જ એ આ રીતે જાણવાની તાલાવેલી રાખે છે..દુનિયામાં પૈસા ધનદોલત કે જમીન અથવા સુંદર સ્ત્રી માટે તમામ મૂલ્યોને નેવે મૂકતા લોકોનો તોટો નથી..દૂધ પીતા એટલે કે સગીર કન્યાને પણ સ્વાર્થ માટે પ્રણાલી દેનાર માણસો પણ હોય છે.કવિ આવા સ્વાર્થ માટે ચિંતા કરે છે..

અને માણસની પાપ લીલા આટલેથી અટકતી નથી..પોતાની જરૂરિયાત કે અંગત સુખ માટે નિયમોને નેવે મૂકતો માણસ પોતાને જેની સાથે લેવાદેવા ના હોય એવા લોકોને પણ નુકસાન કરતો રહે છે..ધન કે અનાજનો સંગ્રહ કરી મિથ્યાભિમાનમાં રાચતા ધનપતિઓ માણસ મરી જાય તો પણ અનાજની એકાદ પાલી પણ આપવા તૈયાર હોતા નથી ! સંઘરો કરેલા અનાજમાં સડો થઈ જાય.દાણાઓમાં જીવડાં પડીને એ ફેંકી દેવાના કામનું થઈ  જાય ત્યાં સુધી એના મોહમાંથી મુકત થઇ શકતો નથી.

સ્વાર્થી માણસ ભલે બહારથી સુખી લાગતો હોય પણ એની ભીતર એક ખાલીપો ખખડતો રહે છે.સોનાના પલંગ ઉપર મખમલી ગાદી પાથરી હોય તો પણ નિરાતની ઉંઘ આવશે એની કોઇ ખાત્રી હોતી નથી..સાચું સુખ અન્યને સુખી કરવામાં સમાયેલું છે. જે માણસ ભીતરથી નિષ્કલંક હોય એ જ સુખની નીંદર માણી શકે છે..આખી રાત પડખાં ઘસી રાત કે દિવસ સતત અજંપ રહેતો માણસ કયારે વાણું વાય એની પ્રતીક્ષા કરતો રહે છે..સંબંધી ફકત જરૂરિયાતના બની રહે ત્યારે એનો આનંદ ઉભયપક્ષે મળવો મુશ્કેલ હોય છે..પરસ્પર હિત માટે જ સંબંધ નિભાવતા લોકો સાપના ઘેર સાપ પરોણા જેવી સ્થિતીમાં જીવતા રહે છે..સાચા રિલેશન એકબીજાને સહાયરૂપ થવામાં છે..ઘણીવાર લોહીના સંબંધમાં જે મામા હોય એના કરતાં કહેણા એટલે કે કહેવાના મામા સાથેની આત્મીયતા અનહદ હોય છે..જગતની આ સ્વાર્થલીલા જોઇ કવિ દ્રવિ ઉઠે છે અને આ વિરોધાભાસ વચ્ચે એ નિઃસ્વાર્થ સંબંધનો સહવાસ શોધે છે !

# ભરોસો માત્ર મોદીના નામનો

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટી અને નરેન્દ્ર મોદી હવે પર્યાયવાચી શબ્દો બની ગયા છે. હવે દેશમાં પાર્ટીના કોઈ પણ નેતાને પોતાના નામે વટ પાડવાનો હક રહ્યો નથી. એક સમયે અડવાણીના મનમાં દેશના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કે જેઓને એમના રાજયના મતદાતાઓ 'મામા'ના હુલામણા નામે ઓળખે છે તે - શિવરાજસિંહ ચૌહાણનો ચહેરો ઊપસી આવ્યો આવેલો. મોદીએ એ ચહેરાને સાવ ઓશિયાળો બનાવી દીધો છે. મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણી વખતે કદાચ એમનો વિકલ્પ પણ મોદીએ તૈયાર રાખ્યો છે. જયોતિરાદિત્ય સિંધિયા ગાંડા નથી કે એમની ચિરકાલીન મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે વડાપ્રધાન પાસેથી વચન લીધા વગર એમની પૈતૃક પાર્ટીનો અને રાહુલ ગાંધીની મૈત્રીનો છેદ ઉડાડી કેસરિયો ખેસ ધારણ કરવા તૈયાર થાય. ઉજ્જૈનમાં 'મહાકાલ લોક'ના ઉદ્ઘાટન વખતે મોદીએ એમની 'હિંદુ હૃદય સમ્રાટ' તરીકેની છબી વધુ ઊજળી કરી બતાવી છે. અયોધ્યા, કાશી, કેદારનાથ કે સોમનાથ અથવા પાવાગઢ કે અંબાજી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધ્વસ્ત કરાયેલ આસ્થા સ્થાનકોને નવનિર્મિત કરાવી ઈંદોરનાં મહારાણી અહલ્યાબાઈ જેવી શ્રદ્ધાનો પરિચય  આપ્યો છે. એમણે આડકતરી રીતે લઘુમતી સમુદાયને સંકેત પણ આપી દીધો છે કે સમજી જજો - આ દેશનું નામ હિંદુસ્તાન છે. હિંદુ બહુમતિને મોદી પર એટલો દઢ ભરોસો બેસી ગયો છે કે હવે આગામી વિધાનસભાની ચૂંટણી વખેત ગુજરાતની ભારતીય જનતા પાર્ટી 'ભરોસાની સરકાર' જેવા સૂત્ર સાથે ગામડાં ખૂંદવા નીકળી પડી છે. બેરોજગારી, મોંઘવારી કે રૂપિયાની ઘટતી જતી કિંમત જેવા મુદ્દા બહુમતી હિંદુ સમાજને પણ કઠે તો ખરા, પણ કોમી રમખાણો કે લઘુમતીની દાદાગીરી ઉપરાંત પોતાનાં શ્રદ્ધાસ્થાનકોના મુદ્દે તો ભાજપ પર જ ભરોસો મૂકી શકાય - એવું ખુદ વિપક્ષના કાર્યકર્તાઓ પણ સ્વીકારે છે. કોંગ્રેસના ચાલુ ધારાસભ્યો ટપોટપ ખરવા માંડ્યા તે શું સૂચક નથી? એમને ટિકિટ તો મળવાની જ હતી. પરંતુ એમને આગોતરો અણસાર આવી ગયો છે કે પાટીલ અને મોદી-શાહની ત્રિપુટી કોઈ પણ ભોગે ગુજરાત સાચવી રાખવા પ્રયાસ કરશે. કદાચ કોંગ્રેસ બહુમતીની નજીક પહોંચી જશે તો પણ એ તોડફોડ કરીને સરકાર બનાવી દેશે. વિપક્ષો કરતાં તોડફોડની ક્ષમતા દેખીતી રીતે જ સત્તાધારી પાર્ટી પાસે વધારે પ્રમાણમાં જ હોય. વિપક્ષોએ કરેલી ગોઠવણથી બનેલી ઉદ્ધવ સરકારને તોડી પાડવામાં જો એ સફળ થઈ શકતી હોય તો ગુજરાત કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીનું ગજું શું ? શિવસેના જેવું તોફાન તો એ કયારેક કરી શકવાનાં નથી. મોદી માટે દેશ આખામાંથી કોંગ્રેસને જ નહીં, પ્રાદેશિક પક્ષોને પણ નામશેષ કરી દેવા તે આગામી પાંચ વર્ષની ટૉપ પ્રાયોરિટી હશે. એમને પોતાના કટ્ટર વિરોધીઓની માનસિક યાદી તો વર્ષોથી ગોખી રાખેલી છે. મુલાયમસિંહ અને માયાવતીને એમને સીબીઆઈના નામે સીધા ચાલવાની ફરજ પાડી હતી. એટલે પેટનો જણ્યો ઉત્તરપ્રદેશ કબજે કરવા મેદાને પડ્યો હતો ત્યારે પણ મુલાયમ મૌન હતા અને એ મૌનનું જ મોદીએ એમના મૃત્યુ બાદ ખૂબ સારા શબ્દોમાં તર્પણ કર્યું છે. માયાવતીને દબાવી શકાયાં પણ મમતા હજી મેદાનમાં છે. જો કે મમતાનું વજૂદ પશ્ચિમ બંગાળની સરહદો વળોટી શકે એમ નથી. રાહુલ ગાંધીને હજી પણ કોઈ ગંભીરતાથી લેવા તૈયાર નથી. એમાં પણ જયારે ગાંધી પરિવાર બહારના અધ્યક્ષની વાત કર્યા પછી પણ સાવ જ કહ્યાગરા દલિત વૃદ્ધ નેતાને એ પણ પર આરૂઢ કરી પડદા પાછળથી કોંગ્રેસનું સુકાન પોતાના હાથમાં રાખવાની કામગીરી ખુલ્લી પડી ગઈ છે. શશી થરુરે એમના પ્રતિસ્પર્ધીને મુદ્દાઓ પર ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો તે ગરીબડા મલ્લિકાર્જુન ખડગે ઉપાડી શક્યા નથી. એમને તો ગાંધી પરિવારના તરાપે જ તરવાનું છે અને અંતે કોંગ્રેસને ડુબાડવાની છે. મોદીનું એક છત્ર શાસન ચાલે છે એની સામે નીતીન ગડકરી જેવા સંઘની સાથે નિકતા ધરાવતા નેતાઓ પુણ્યપ્રકોપ પણ વાંઝિયો નીવડ્યો છે. રાજનાથસિંહને મોદીના પ્રતિનિધિ તરીકે અને નહીં કે ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને નેતા તરીકે 'સૈફઈ' જઈ મુલાયમ તર્પણ મુદ્દે 'સફાઈ' આપવી પડે છે તે કેવી વિડંબના છે! પણ એ જ છે ગુજરાતી ચા-વાળા વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ધરાવતા પ્રચંડ પુરુષની તાકાત !

# 'ચાકુ, ખંજર, તીર અને તલવાર અંદરો-અંદર લડતાં હતાં કે કોણ વધારે ઊંડો જખમ કરે છે? અને... 'શબ્દો' પાછળ બેઠા બેઠા હસતા હતા!'




" બુદ્ધ , મહંમદ સોક્રેટિસ, ઈશુ ને ગાંધી
આવ્યા ને ગયા
મંત્રાજલિ છાંટી
...ને તોય આપણે કોરા કટ"

- બાલમુકુંદ દવે

ઓક્ટોબર મૂળ ગ્રેગરિયન કેલેન્ડરનો આઠમો માસ હતો. પાછળથી વર્ષ દસ મહિના ને બદલે બાર મહિનાનું ગણવાની શરૂઆત થતાં એ દસમા ક્રમે આવ્યો. આ સંદર્ભે આપણી ભારતીય કાળ ગણના શરૂથી જ વધુ વૈજ્ઞાનિક હતી. આખી દુનિયાએ એકસરખી પાશ્ચાત્ય કાળગણના સ્વીકારી ત્યારથી આપણે પણ એમને અનુકૂળ થઈ ગયા. કદાચ આ પણ કાળનો જ પ્રભાવ હશે!

આપણા ચાતુર્માસ ઉર્ફે ચોમાસાનો આ અંતિમ તબક્કો છે. સામાન્ય રીતે વિક્રમ સંવતના સૌથી મહત્વના પર્વ દીપોત્સવી સાથે ચોમાસુ પૂરું થાય છે. અને શિયાળાનો પ્રારંભ થાય છે, ખેર, હવે તો માનવી ને મોસમ નાયે મિજાજ બદલાયા છે!

એકડિયામાં ભણતા ત્યારે 'તકલી' લઈ જતા ને તાર કાંતતા... ધોરણ પાંચ થી સાત ને શાળા પર વણાટ શીખવતા... હાઈસ્કૂલમાં ભણતા ત્યારે એક પિરિયડ રેંટિયો ચલાવવાનો... શાળાની લોબીમાં એક સાથે સૌ રેંટિયો ચલાવતા... ભારતીય તિથિની રુએ ભાદરવા વદ બારસને ગાંધીજીના જન્મદિન તરીકે 'રેંટિયાબારસ' તરીકે શાળામાં ઉજવતા... પરંતુ બીજી ઓક્ટોબરને વિશ્વ સ્તરે યુનો દ્વારા 'વિશ્વ અહિંસા દિવસ' સ્વરૂપે માન્યતા મળતાં 'રેંટિયાબારસ' કાળક્રમે વિસરાતી ગઈ.

દોસ્તો, બીજી ઓક્ટોબર એટલે ગાંધીની સાથે વામન કદના વિરાટ લોકનાયક લાલ બહાદુર શાસ્ત્રી ની જન્મ જયંતી. પાકિસ્તાન સાથેના યુદ્ધમાં શાસ્ત્રીજીએ દ્રઢ સંકલ્પની પ્રતીતિ સ્વરૂપે ભારતીય સૈન્યે છેક લાહોર સુધી કૂચ કરીને એમની ઠંડી તાકાત નો પરચો બતાવી દીધો હતો. ગાંધીના 'કરેંગે યા મરેંગે' જેવું જ સૂત્ર 'જય જવાન જય કિસાન' વહેતું મૂકી આઝાદ ભારતને નવો પ્રાણવાયુ બક્ષ્યો... તદુપરાંત દેશને અન્ય સમસ્યા લમાંથી ઉગારવા સોમવારે એકટાણું કરવાનો વિચાર પણ વહેતો કરેલો, તેને પણ પ્રજાએ ઉમળકાભેર વધાવી લીધેલો... તાસ્કંદ કરાર પર હસ્તાક્ષર કર્યા પછી આ વિજેતા વડાપ્રધાન વિદેશની ધરતી પર કાળનો કોળિયો બની ગયા...

હમણાં એક વાંચવામાં આવેલું કે સરદાર પટેલની સાચી જન્મ તારીખની તો ખુદ સરદારને પણ ખબર ન હતી. પરંતુ મેટ્રિકની પરીક્ષાનું ફોર્મ ભરતી વખતે કનૈયાલાલ મુનશી એ એમને જે યાદ આવે તે તારીખ ટાંકી દેવાની સલાહ આપેલી, ત્યારથી એમની રજીસ્ટર્ડ જન્મ તારીખ ૩૧ ઓક્ટોબર જ ગણાય છે. ૩૧ ઓક્ટોબરે જ વર્ષો પછી આ દેશનાં લોખંડી મહિલા વડાપ્રધાન ઈન્દિરાજીની કરપીણ હત્યા થયેલી કેવો યોગ?! ગાંધીજીનો પડતો બોલ ઝીલનારા સરદાર તો ભારતના બિસ્માર્ક! 'સરદાર એટલે સરદાર' કૃતજ્ઞ રાષ્ટ્ર એમના ઐતિહાસિક પ્રદાનને કદાપી ભૂલી શકશે નહીં... 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' એનું પ્રમાણ છે!

કોરોના કાળ પછી આ વર્ષે વિશ્વનું સૌથી દીર્ઘ નૃત્ય પર્વ - શક્તિ આરાધનાનું નવરાત્રી પર્વ મનાવ્યું... રાવણનો વધ કરી શ્રીરામે લંકા વિજય કર્યો... જનની અને જન્મભૂમિને સ્વર્ગથી પણ ચડિયાતા ઘણી અયોધ્યા ભણી પ્રયાણ કર્યું... શરદ પૂનમની રઢિયાળી રાત આપણા લોહીમાં ધબકતા શાશ્વત યૌવનને સંકોરે છે... મારે મન ઓક્ટોબર એટલે રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ઊર્જા પૂરી પાડતો મહામૂલો મહિનો છે...

છેલ્લે સુરેશ જોશી નો આ ગદ્યખંડ વાંચી ઘડીભર વિચારજો...

અનુસંધાન પાના નં. ૭ પર

# કરવા ચોથનું વ્રત એમને એમ નથી થતું




"કહું છું, સાંભળો છો?" હું રાત્રે જમી-પરવારીને ટી.વી. જોતો બેઠો હતો ત્યાં નમ્રતાએ કિચનમાંથી બૂમ પાડીને કહ્યું. મારું ધ્યાન ટી.વી.માં હતું એટલે મેં ધીમેથી "હં......" કહ્યું પણ એ એને સંભળાયું નહીં. "બહેરા થઈ ગયા છો સાવ....", એ અંદરથી જ ગુસ્સામાં બોલી. હું પણ બબડ્યો, "બહેરાશ એને પોતાને આવી છે ને મને બહેરો કહે છે!" એ ધમધમતી બહાર આવી, "બહેરી કોને કહો છો? એક તો તમને હું કંઈ પણ કહું એ કાને ધરવું હોતું નથી અને બીજું આ ટી.વો તો મારું લોહી પી ગયો છે! "

હું બેકફૂટ પર આવી ગયો, "તું એક સામટી કેટલીય વાતો એક સાથે કરી નાખે તો મારે શું સમજવું? પહેલું તો એ કે મેં તને બહેરી નથી કહી. મેં એમ કહ્યું કે તને બહેરાશ આવી છે! બીજું કે તું નક્કી કરી નાખ કે તને ગુસ્સો કઈ વાતનો છે- મારે તારી વાતો કાને નથી ધરવી હોતી એનો કે મારું ધ્યાન ટી.વી.માં હોય છે એનો? એટલે મને જવાબ આપતાં ફાવે! અને નમ્રતા ડાર્લિંગ, આ સામે પડ્યું છે ને એનું નામાભિધાન "ટી.વી." થયું છે,"ટી. વો" નહીં!"

એ ચીડાઈ, "ઓ...હો! તમને તો કંઈ કહેવાય નહીં! મૂળ વાત શું છે એ જાણવાની તો પડી જ નથી તમને!" મેં કહ્યું, "તે કહે ને! તું પણ ક્યાં કોઈ વાત પૂર્વભૂમિકા બાંધ્યા વગર કરે છે? શું હતું, બોલ?"

એ શાંત થઈ, "કહું છું, આ ગુરુવારે કરવા ચોથ આવે છે." મેં કહ્યું,"હં....તે?" "તે શું હોય બીજું?", એ પાછી અસલ રંગમાં આવી. "એ વ્રત નહીં કરવાનું મારે?"

"હા, તે કરો ને! એમાં મને શું પૂછવાનું?"મેં કહ્યું. એ બોલી, "તે એ વ્રત એમને એમ નથી થતું. એમાં સોળે શણગાર સજવાના હોય,આખા દિવસનો ઉપવાસ કરવાનો હોય અને રાત્રે ચાળણીમાંથી ચંદ્રને જોઈને પછી જમવાનું હોય." મેં ધીમેકથી કહ્યું, "હા, અને મને ખ્યાલ છે ત્યાં સુધી એ ચાળણીમાંથી પતિને પણ જોવાનો હોય, એની પૂજા કરવાની હોય,એના હાથે ઉપવાસ તોડવાનો હોય!" એણે મોઢું બગાડ્યું, "તે એ તો કરવું જ પડશે ને!"

મેં કહ્યું, "હા, એટલે મારો રોલ આમાં શું છે?" એ બોલી, "જુઓ, આ બધું તમારા આયુષ્ય માટે છે, બરાબર?" મેં કહ્યું, "બરાબર." અચાનક એના ચહેરા ઉપર કડકાઈનું સ્થાન મૂંઝવણે લઈ લીધું, "તમને તો ખબર છે કે આમાં મારે મોંઘી સાડી અને દાગીના પહેરવા પડે." મેં કહ્યું, "પણ એ તો તારી પાસે ઘણાં છે. ગયા મહિને જ આપણે "આસોપાલવ"માંથી બે મોંઘીદાટ સાડીઓ લાવ્યાં હતાં એને ઘરના બજેટમાં બેસાડવા મારે દિવાળીમાં પહેરવાનાં કપડાંની બે નવી જોડીઓમાંથી એકની બાદબાકી કરવી પડી છે!"

એ કહે, "પણ એ બધું તમારા માટે જ છે ને!"મેં કહ્યું, "હાસ્તો! પણ એટલે પેલી બે સાડીઓમાંથી એક પહેરી શકાશે ને કરવા ચોથને દિવસે?" એની ભ્રમરો ખેંચાઈ ગઈ, "બસ, ભૂલી ગયા ને! કેમ, એ સાડીઓ તો તમારા ભત્રીજા હર્ષલનાં લગન અને રિસેપ્શનમાં પહેરવા લીધેલી." મેં કહ્યું, "હા, પણ એમાંની એક કરવા ચોથને દિવસે પહેરીશ તો સાડીને ખોટું નહીં લાગે!" એ બોલી, "સાડીને તો ખોટું નહીં લાગે પણ મારી બહેનપણીઓને જરૂર એમ થશે કે આની પાસે તો બીજી સાડી જ નથી!" મેં કહ્યું, "પણ એમણે તારી સાડીઓ ક્યાંથી જોઈ હોય? એ તો આપણા પારિવારિક પ્રસંગમાં તેં પહેરી હતી ને!" એ કહે, "પણ એના ફોટા તો મેં મારા સ્ટેટસમાં મૂક્યા હોય ને! જરા તો બુદ્ધિ લડાવો!"

મને થયું કે અહીં વૃથા દલીલો કરવાનો કોઈ અર્થ નથી. સાંજે હું ઓફિસેથી આવું પછી નવી સાડી લેવા જવાનું એવું નક્કી થયું. એ દિવસે મને લંચમાં મારું ભાવતું શાક જમવા મળ્યું! બપોરે ઓફિસમાં મેં ચા પીધી કે નહીં એમ પણ પૂછવામાં આવ્યું!

સાંજે અમે સાડીની દુકાને ગયાં. વીસ-પચ્ચીસ સાડીઓ કઢાવ્યા પછી નમ્રતાની નજર એક સાડી ઉપર ઠરી. જો કે મારી નજર એની પ્રાઈસ-ટેગ પર ઠરી હતી! અને પ્રાઈસ-ટેગ પર "ઠરી જવાય" એવો આંકડો વંચાતો હતો!

એટલે મેં કહ્યું, "નમ્રતા, આ રેડ કલરની સાડીઓ તો તારે ઘણી છે. બીજી કોઈ વેરાયટી જો ને!" એ કહે, "તમને પુરૂષોને ક્યારે કલર ઓળખતાં આવડશે? આ રેડ નથી, મજેન્ટા છે!" મેં કહ્યું, "એમ? ઠીક, ઠીક. પણ આ રેશમી સાડી છે ને આપણા દેશ માટે તો કોટન જ સારું!" એ કહે, "કોટન સારું, પણ ઉનાળામાં! અત્યારે તો નહીં ઠંડી કે નહીં ગરમી એવી ઋતુ છે! અને પૂજા માટે તો રેશમી કપડું જ સારું કહેવાય!"

દુકાનવાળો કહે, "બેનની વાત બરાબર છે!" મારે હકારમાં ડોકું ધૂણાવવું પડ્યું. જો કે મનમાં તો હું બોલ્યો હતો, "બેસ ને દોઢડાહ્યા! તારે તો જેટલી મોંઘી સાડી વેચાય એટલું સારું! બહુ "બેન, બેન" કરે છે તે મફતમાં આપવાનો છે?"

આખરે એ મજેન્ટા કલરની રેશમી સાડી લઈને અમે દુકાનમાંથી બહાર નીકળ્યાં. નમ્રતા ખુશ-ખુશ હતી. મેં કહ્યું, "ચાલો. એક મોટું કામ પતી ગયું." એ બોલી, "હા, હોં, હવે સૂકો મેવો ને ફ્રૂટ્સ લઈ લઈએ એટલે ગંગા નાહયાં!" મને ધ્રાસકો પડ્યો, "એ શેના માટે?" એના ચહેરા ઉપર નારાજગી છવાઈ ગઈ, "તે હું આખો દિવસ ભૂખી નહીં રહું તમારા માટે? સૂર્યોદય પહેલાં કંઈક શક્તિ આપે એવું ખાઈ લેવું પડશે ને! આખો દિવસ કેમનો જાય!" મેં કહ્યું, "સાચી વાત." ડ્રાય અને ગ્રીન ફ્રૂટ્સ લેવાઈ ગયાં.

મેં હાથમાં બે થેલીઓ પકડી હતી એટલે નમ્રતાને કહ્યું, "આમાંથી એક થેલી જરા પકડે છે? હું એક્ટિવા પાર્કિંગમાંથી બહાર કાઢી લઉં." એણે ભોળેભાવે પ્રશ્ન કર્યો, "રાત્રે ઉપવાસ ખોલ્યા પછી મીઠાઈ ખાવી પડશે ને? એની થેલી હું લઈ લઈશ." મારો સ્વર ઊંચો થઈ ગયો, "નમ્રતા, હવે તો મારા ખિસ્સામાં પૈસા ય નથી!" એ મીઠું મલકી, "તે વાંધો નહીં, આ 'ગોપી સ્વીટ્સ' વાળા ઓનલાઈન પેમેન્ટ સ્વીકારે છે!" મેં કહ્યું, "પણ મને ડાયાબિટીસ છે, તું તો જાણે છે!" એ કહે, "પણ મને નથી ને! ને આમાં તો સમૂહમાં પૂજા થાય. કોઈક જોવે કે આના ઘરમાં સ્વીટ પણ નથી તો તમારી શું આબરૂ રહે?" મને થયું, "આબરૂની તો ખબર નહીં પણ આવા ખર્ચાઓ પછી હું આ ધરતીના પટ ઉપર કેટલો સમય જીવિત રહી શકીશ એની ખબર નહીં!"

અંતે કરવા ચોથનું વ્રત ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યું. હું હોંશભેર ચાળણીની સામે ઊભો રહ્યો ત્યાં નમ્રતાએ છણકો કર્યો, "સખણા ઊભા રહો ને! તમને નહીં, ચંદ્રમાને જોવાનો છે! અને અહીં કેટલી ભૂખ લાગી છે! પૂજા પતે એટલે જમવા બેસી જઈએ!" સરવાળે પતિનું આયુષ્ય "વધારતી"કડવી ચોથ- સોરી, કરવા ચોથ રંગેચંગે સંપન્ન થઈગઈ!

# આજે મારો હેપ્પી બર્થ ડે છે!




આજે મારો બર્થ ડે એટલે કે જનમ દિવસ છે એમ કહેવાને બદલે જો તમે આજે મારો હેપ્પી બર્થ ડે છે એમ કહેતા હો તો ક્યારેક મને મળવા ચોક્કસ આવજો. આપણે સાથે બેસીને ચા પીતાં પીતાં આજ સુધી ઉજવેલા હેપ્પી બર્થ ડે પર ચર્ચા કરીશું.

માણસ આ પૃથ્વી પર અવતરે ત્યારે એકલો હોય છે, એ જ્યારે અનંતની સફરે નીકળી પડે ત્યારે પણ એકલો હોય છે. પૃથ્વી પર જેનું આગમન થાય છે એની વિદાય નક્કી છે એ સૌ જાણે છે અને એ વિદાય વેળાએ કોઈ એની સાથે નથી જ આવવાનું એ પણ સૌને ખબર છે. આટલું બધું જાણવા છતાં માનવનું મન એના પૃથ્વી પરના સમય દરમિયાન બીજા માનવની સંગત શોધતું રહે છે... એવું કોઈ એક માણસ તમારા જીવનમાં હોય જેની હાજરી માત્ર તમારા જીવનને ભર્યું ભર્યું કરી દે ત્યારે તમારા બધા જ જન્મ દિવસ આપોઆપ આગળ હેપ્પી લગાડવા જેવા બની જાય છે.

પ્રેમ જ જીવનનું સત્ય છે અને નાદાન મનુષ્યને એ જ સૌથી છેલ્લે યાદ આવે છે! સાચું કહું તો આજના માનવને જોઈ, એની લાઈફ સ્ટાઈલ જોઈ મને એની પર દયા આવી જાય છે. એકલા આવ્યા અને એકલા જવાનું છે આ પ્રેમ બ્રેમ બધું એક નાટક છે એવું કહેનાર ભૂલી જાય છે કે આ પૃથ્વી પર આવ્યા બાદ એક હદથી વધારે કહેવાતા સુખી થવા ભાગતા રહેવું એ પણ મિથ્યા છે. હા, જો તમને એમ કરવામાં મજા આવતી હોય તો ચોક્કસ કરો. આખો દિવસ અને મોડી રાત કામ કર્યા બાદ જ તમને ચેનથી નીંદર આવતી હોય તો કામ કરતા રહેવામાં કંઈ ખોટું નથી પણ રાતના સૂતી વખતે કે સવારે જાગતા વેત જો તમને એવું લાગે કે જિંદગી એમ જ ખર્ચાઈ રહી છે તો અટકી જજો!

એ જિંદગી જ શું જે પસાર થઈ રહી હોય પણ જીવાતી ના હોય. જનમ દિવસે મોટી પાર્ટી રાખી લો. મોટી હોટેલમાં મોટી કેક ખાવા મોટા મોટા માણસો આવી જવાના. તમારી સાથે ઊભા રહી ફોટો પડાવવા લોકો પડાપડી કરવાના. એ ફોટા પછી વિવિધ પ્લેટફોર્મ પર મુકાઈ જવાના અને બીજા અનેક લોકો એની નીચે કૉમેન્ટ કરી તમને હેપ્પી બર્થ ડે કહી જશે. હવે મજાની વાત, તમે જ્યારે એ ફોટા નીચેની કૉમેન્ટ વાંચી રહ્યા હો ત્યારે તમે શું વિચારો છો? કોણે કોણે કૉમેન્ટ કરી એ જોવાની સાથે કોણે કોણે કૉમેન્ટ નથી કરી એ પણ નજર તળે નોંધાતું જાય છે, હેં ને? આટલું થાય ત્યાં સુધી વાંધો નથી પણ જો કોઈ એક વ્યક્તિની કૉમેન્ટ આવી કે નહીં બસ એટલું જ જોવા માટે તમારી આંગળીઓ ઢગલો કૉમેન્ટ્સ પર ફરતી એને આગળ ધકેલી રહી છે, મનમાં મૂંજારો અનુભવાય રહ્યો છે તો ગરબડ છે દોસ્ત. તમે આમ નહીં પણ ખાસ માણસ છો...

આ દુનિયામાં ખાસ માણસો એટલે એવા માણસો જેને હજી માણસની લત લાગેલી છે અને કેમે કરીને એ છૂટી નથી રહી. ધનનો નશો ઉતરી જાય છે, દારૂ કે બીજી કોઈ પણ નશીલી વસ્તુનો નશો એક સમય બાદ ઉતરી જાય છે, માનમોંભો મેળવવાની ઈચ્છા પણ એક સમય બાદ ચાલી જાય છે નથી શમતી તો આ કોઈક ગમતા માણસનો સાથ મેળવવાની ઝંખના!

અહીંયા ગમતું માણસ એટલે પ્રેમલા પ્રેમલી વાળો સંબંધ એકલો નહીં, એ સિવાય પણ ઘણું બધું. જ્યાં એકવાર ચર્ચા ચાલું થાય એટલે વિરામ પામવાનું નામ ના લે, જ્યાં એકવાર નજર મળે એટલે ચિત્તમાં આપોઆપ જ પ્રસન્નતા વ્યાપી જાય, જ્યાં કોઈની હાજરી માત્ર તમને અહેસાસ કરાવે છે કે હવે વાંધો નહીં આવે જે થશે એ જોયું જશે...આવી લાગણી જનમ લે એવી કોઈ એક વ્યક્તિ જેના જીવનમાં છે એ માનવ ખાસ છે.

ભગવાનની કેટલી બધી મહેર હોય ત્યારે તમારા જીવનમાં એવી કોઈ એક વ્યક્તિ આવે છે જેની હાજરી માત્ર તમારી ખુશીનું કારણ બની શકે છે. તમારા ટેન્શનને અલવિદા કહી શકે છે. આ દુનિયામાં તમે એકલા નથી કોઈક સાથે છે એ અહેસાસ કરાવે છે અને તમે શું કરો છો? તમે એવી વ્યક્તિને જીવનના કોઈ એક તબક્કે છોડી દો છો...

આ દુનિયામાં માણસથી વધારે ડફોળ પ્રાણી બીજું એકેય નથી, સાચે! એને ખબર જ નથી કે એને જીવનમાં જોઈએ છે શું. ભણવું ક્યારે જોઈએ, કેટલી ઉંમરે પ્રેમ કરવો, ક્યાં સુધી દોસ્તી ટકાવી રાખવી, કેટલી સંપતિ ભેગી કરવી, ક્યારે જીવનમાંથી સન્યાસ લેવો - આ બધાનું પ્લાનિંગ કરવામાં જ માનવ બિચારો આખી જિંદગી ખર્ચી કાઢે છે. સામે છેડે નિયતિ જેનું નામ, એણેય પ્રણ લીધું છે માનવનું ધાર્યું નહીં જ થવા દેવાનું. તમે નક્કી કાંઈક કરશો અને છેલ્લી ઘડીએ બનશે કાંઈક જુદું જ... તમારા આયોજન પ્રમાણે જિંદગી નથી જ ચાલવાની.

તો પછી દરેક બર્થ ડે હેપ્પી બર્થ ડે બની શકે એ માટે કરવું શું જોઈએ? મજાક નથી કરી રહી, સાચું કહું છું બધી શરમ છોડી દો અને તમારું દિલ જે કહે એને અનુસરો. એ કહે કે આજે મારે પપ્પા સાથે બેસીને ચા પીવી છે તો પી નાંખો. ઑફિસ જતા પાંચ મિનિટ મોડું થઈ જાય તો મેનેજ કરી લેજો. તમે જુદા શહેરમાં હો અને તમારા પપ્પા જુદા શહેરમાં છે, તો? અરે ભલા માણસ એકવાર નક્કી તો કરો કે મારે આમ કરવું જ છે એક શું હજાર રસ્તા નીકળી આવશે. આ પપ્પા સાથે ચા પીવા વાળું ઉદાહરણ જ લો ને તમે વિડિયો કૉલ કરી પપ્પાને કહી શકો છો કે ચાલો આજે આપણે સાથે બેસીને ચા પીએ... એ પપ્પા આજે તમારી બહુ યાદ આવી રહી યાર! બસ આટલું જ કહેવાનું છે. જે વ્યક્તિની લત તમને લાગેલી છે એ વ્યક્તિને તમારી લત નહિ હોય એવું તમારું માનવું છે? જો એમ જ હોય તો મારી કોલમ વાંચવાનું છોડી દો, તમારો સમય બચી જશે.

ભૂલ આપણાથી થાય છે ઈશ્વરથી નહીં. જ્યાં તમારું દિલ લાગણીના તંતુએ બંધાય છે ત્યાં એ ફણગા એક જ બાજુથી ફૂટે એ શક્ય નથી. બીજી વ્યક્તિ શું કરે છે, શું વિચારે એની ચિંતા છોડો અને તમે શું કરવા ધારો છો એ વિચારો. કોઈના જીવનમાં લાગણીથી ભરી ભરી બે ચાર ક્ષણો ઉમેરવામાં ખોટું કંઈ નથી...અને જો તમે એટલું કરતા શીખી ગયા તો પછી આવનારા અનેક બર્થે હેપ્પી બર્થ ડે બની રહેવાના એમાં કોઈ શંકા નથી!

**અમસ્તું,**

જિંદગી ખાલી પસાર કરવા નથી મળી, એ જીવવા માટે મળી છે બસ આટલું યાદ રહી જાય તો ભયો ભયો!

**@Niyati Kapadia**